‘ એક મેવો બહુસ્યામ્ ’

મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. ની પ્રસ્તુતિ

# દૂધસાગર પત્રિકા

અંક : ૧૦ | વર્ષ - ૪ | એપ્રિલ - ૨૦૨૫ (સળંગ અંક : ૪૫)

www.dudhsagardairy.coop  twitter.com/dudhsagardairy  dudhsagardairyofficial  youtube.com/c/DudhsagardairyCoop

## INTERNATIONAL YEAR OF CO-OPERATIVE 2025

# સરકાર સાથે સાગર મંથન



દૂ ધ સા ગ ર પ ત્રિ કા વિ શે ષ

### શ્રી ઋષિકેશભાઈ પટેલ

**કેબિનેટ મંત્રીશ્રી.**
**આરોગ્ય અને પરિવાર કલ્યાણ**
**તથા**
**તબીબી શિક્ષણ વિભાગ**
**ગુજરાત સરકાર**

હરિયાળી ક્રાંતિ પછી દેશના વિકાસમાં મહત્વની કોઈ ક્રાંતિ રહી હોય તો તે શ્વેત ક્રાંતિ છે. આઝાદી પછી શરુઆતના તબક્કામાં જે રીતે દેશને આર્થિક રીતે મજબૂત કરવાની જરુર હતી ત્યારે 1960 ના દશકામાં શરુ થયેલ દૂધસાગર ડેરીએ ઉત્તર ગુજરાતના ગામડાઓને આર્થિક ઓક્સિજન આપવાનું કામ કર્યું છે.
(શ્રી.ઋષિકેશભાઈ પટેલ)

**સ**નાતન ભારતીય સંસ્કૃતિ સહકાર, સંગઠન અને સમરસતાને પ્રાધાન્ય આપે છે.

(હું એકમાંથી અનંત થાઉં ) “એક મેવો બહુ સ્યામ્”ની વાત ભારતીય સહકાર જગતને એકદમ બંધ બેસે છે. સહકારની સરિતા જ્યાંથી પણ પસાર થાય ત્યાં નાના - મોટા વિકાસનું વાવેતર કરી અર્થ ઉપાર્જન વધારે છે. આમ “સહકાર” એ માત્ર શબ્દ નથી. સામાજિક ઉત્થાનનું મહત્વનું ચાલક બળ છે. ભારતની સહકારી પરંપરાના મૂળ તપાસીએ તો તેમાં કૌટિલ્યના અર્થશાસ્ત્રને અનુસરતુ ગામડાઓનું નાણાંકીય વ્યવસ્થાપન માળખું આજના સહકારી માળખાની પ્રતીતિ કરાવે છે. રોજગારીની સાથે કૌટુંબિક અને સામાજિક વિકાસમાં મહત્વનો ભાગ ભજવે છે.

આઝાદી બાદ દેશમાં પ્રથમ વખત ભારતના વડાપ્રધાન શ્રી. નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં નવા સહકાર મંત્રાલયની રચના તેનું પ્રતિબિંબ છે. સહકારી નીતિને લોકભોગ્ય બનાવી છેવાડાના સામાન્ય માણસ સુધી તેના લાભ પહોંચાડવા ઉપર ધ્યાન કેન્દ્રિત કરનાર આ મંત્રાલયની પ્રથમ જવાબદારી ગુજરાતના પનોતાપુત્ર અને ભારતીય રાજનીતિના ચાણક્ય એવા શ્રી. અમિતભાઈ શાહ જેવા સહકારના અનુભવી અને પ્રખર મુસીબતોમાંથી રસ્તો શોધવાના માહીર વ્યકિતને સોંપી એક સૂવર્ણ ભવિષ્ય તરફ આખા ભારતના સહકારના ક્ષેત્રને લઈ જવાનું ભગીરથ કાર્ય થઈ રહ્યું છે. ૨૦૨૫ નું વર્ષ વિશ્વની સહકારીતાને સમર્પિત કરાયું છે ત્યારે દૂધસાગર ડેરી તરીકે અને આ ડેરીની વાચા બનતી - દૂધસાગર પત્રિકા તરીકે અમે પણ “સહકારથી સમૃદ્ધીના” આ આકાશની વિશાળતાને સમજવા પહોંચ્યા : આપણી દૂધસાગરના કાર્યક્ષેત્રનું પ્રતિનિધિત્વ કરતા ગુજરાત સરકારના બે કેબિનેટ મંત્રી શ્રી. ઋષિકેશભાઈ પટેલ અને શ્રી. બળવંતસિંહ રાજપૂત તથા રાજ્યસભા સાંસદ શ્રી. મયંકભાઈ નાયક અને મહેસાણા લોકસભાના સાંસદ શ્રી. હરિભાઈ પટેલ ના આંગણે !! તો આવો, આ વિશેષાંકમાં મળીએ - જાણીએ - સમજીએ આપણી દૂધસાગરને ... એમના જ શબ્દોમાં :



“સરકાર સાથે (દૂધ) સાગર મંથન” શ્રૃંખલાની શરૂઆત કરતાં અમે સૌ પ્રથમ મળ્યા વિસનગરના ધારાસભ્ય અને ગુજરાત સરકારના કેબિનેટ મંત્રી શ્રી. ઋષિકેશભાઈ પટેલને. પોતાના વિસનગર ખાતેના નિવાસ સ્થાને હળવાશ પૂર્વક દૂધસાગર પત્રિકા સાથે વાતો કરતાં મંત્રીશ્રીએ દૂધસાગર એ ઉત્તર ગુજરાતનો અંતરઆત્મા છે. ઉત્તર ગુજરાતની ઓળખ છે અને એક અર્થમાં, ઉત્તર ગુજરાતની આબરૂ છે. તેવા ભાવથી અમારા સવાલોના જવાબો આપ્યા.

**દૂધસાગર પત્રિકા : ભારત સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલ સહકાર મંત્રાલય થી ભારત અને ગુજરાતના સહકારી માળખામાં આપના દ્રષ્ટિકોણથી શું મદદ મળશે ? સરકાર અને સહકારના આ સમન્વયને આપ કેવી રીતે મુલવો છો ?**

ગુજરાતના પનોતા પુત્ર આદરણીય મોદી સાહેબે સમગ્ર દેશને “સહકારથી સમૃદ્ધિ” નું સૂત્ર આપ્યું છે. તેઓ વડાપ્રધાન બન્યા ત્યારે તેમને લાગ્યું કે જો સમગ્ર ભારતની પ્રજાને સમૃદ્ધ કરવી હોય તો એક માત્ર સહકારી પ્રવૃત્તિ જ સુખી કરી શકશે. આજ ઉદ્દેશથી સમગ્ર દેશના સહકારી માળખાને કેન્દ્ર સરકારની મજબૂત મદદ મળી રહે અને સાચા અર્થમાં સહકારથી સમગ્ર દેશ સમૃદ્ધ બને તે મંત્ર સાકાર કરવા માટે આ મંત્રાલયના રચના કરવામાં આવી છે. અને તેની પ્રથમ જવાબદારી સહકારીતાના ચાણક્ય અમિતભાઈ શાહ સાહેબને સોંપવામાં આવી તે સોનામાં સુગંધ ભળે તેવું ઉત્તમ કામ કર્યુ છે.

દેશની આર્થિક પ્રવૃત્તિમાં રાજ્યોની સહકારી પ્રવૃત્તિના યોગદાનને ધ્યાનમાં રાખી સહકારી ક્ષેત્ર સાથે સંકળાયેલા તમામ ખેડૂતો, પશુપાલકો અને નાગરિકોની દૈનિક આવકમાં વધારો થાય અને સૌનું જીવન ધોરણ છે તેના કરતાં વધુ સારૂ બને તે માટે આઝાદીના લગભગ ૭૦ વર્ષ બાદ સ્થપાયેલ એક સ્વતંત્ર સહકાર મંત્રાલય આવનારા દિવસોમાં સહકારની દુનિયાને વધુ ઉજ્જવળ બનાવશે તેનો મને વિશ્વાસ છે.

**દૂધસાગર પત્રિકા : આપ રાજ્ય સરકારમાં વિસનગરનું પ્રતિનિધીત્વ કરી રહ્યા છો અને એક મંત્રી તરીકે ગુજરાત સરકારમાં મહત્વનું સ્થાન ધરાવો છો અને વિસનગર વિસ્તાર એ દૂધસાગર ડેરીના કાર્યક્ષેત્રમાં આવે છે ત્યારે, આ ડેરીનું આપની દ્રષ્ટિએ કેવું અને કેટલું મહત્વ છે ? વર્તમાન સમયમાં આપ દૂધસાગર ડેરીના સંચાલનનું શું આંકલન કરો છો ?**

હરિયાળી ક્રાંતિ પછી દેશના વિકાસમાં મહત્વની કોઈ ક્રાંતિ રહી હોય તો - તે શ્વેતક્રાંતિ છે. આઝાદી પછી શરૂઆતના તબક્કામાં જે રીતે દેશને આર્થિક રીતે મજબૂત કરવાની જરૂર હતી ત્યારે શ્વેતક્રાંતિએ સમગ્ર દેશ અને ગુજરાતના ગામડાઓને આર્થિક ઓક્સિજન આપવાનું કામ કર્યુ છે. મહેસાણા જિલ્લામાં આ કામ સહકારી દૂધ ઉત્પાદક સંઘ કે જેને આપણે દૂધસાગર તરીકે ઓળખીએ છીએ તેના દ્વારા થયું છે. આમ તો, દૂધસાગર એ જૂના મહેસાણા જિલ્લામાં સામેલ હતી આજે સમગ્ર વિસ્તાર ત્રણ જિલ્લાઓમાં વહેંચાઈ ગયો છે છતાં આ ત્રણેય જિલ્લાઓની સમૃદ્ધિમાં દૂધસાગરનો સિંહ ફાળો છે. આજે ઉત્તર ગુજરાતના પશુપાલકોના બાળકો શિક્ષીત બન્યા છે તેનું મૂળ કારણ દૂધનો પૈસો છે અને આજ દૂધના પૈસાથી અનેક પશુપાલકોના બાળકો વિદેશ સુધી પહોંચ્યા છે. આ વાત સાબિત કરે છે કે ; દૂધસાગર અહીંના લોકોના દીલમાં વસે છે !!

**આજે ઉત્તર ગુજરાતના પશુપાલકોના બાળકો શિક્ષીત બન્યા છે તેનું મૂળ કારણ દૂધનો પૈસો છે અને આજ દૂધના પૈસાથી અનેક પશુપાલકોના બાળકો વિદેશ સુધી પહોંચ્યા છે. આ વાત સાબિત કરે છે કે ; દૂધસાગર અહીંના લોકોના દીલમાં વસે છે.**

વર્તમાન સમયે આ ડેરીનું સંચાલન અશોકભાઈ ચૌધરીના હાથોમાં છે. ચેરમેનશ્રી. અને તેમનું સમગ્ર નિયામક મંડળ ભારતીય જનતા પાર્ટીની વિચારધારા ઉપર ચાલી રહ્યું છે. એટલે વહિવટ ઉજળો અને પારદર્શક હોય તે સ્વાભાવિક છે. તેઓએ ડેરીમાં આજે તમામ વહિવટોમાં ડિજીટલ પદ્ધતિઓ દાખલ કરી અને તમામ ખરીદીઓ ઓનલાઈન રીવર્સ ઓક્સનથી કરવાનું શરૂ કર્યુ હોવાથી વિતેલા ચાર વર્ષમાં તેના શુભ પરિણામો સમગ્ર વિસ્તાર અને લાખો પશુપાલકો મેળવી રહ્યા છે. મને જાણકારી છે ત્યાં સુધી ; મહેસાણા દૂધ સંઘનું ૨૦૨૦-૨૧ માં વાર્ષિક ટર્નઓવર ૫૦૧૨ કરોડ હતું અને વિતેલા ત્રણ વર્ષના ટૂંકાગાળામાં આ ટર્નઓવર ૨૦૨૩-૨૪ માં ૭૪૯૪ કરોડ પહોંચ્યું છે. એટલે કે ત્રણ વર્ષમાં ૨૦૮૬ કરોડનો વધારો નોંધાયો એટલે કે ૫૦% નો જમ્પ !! તમે દૂધના આજના ખરીદ ભાવ જુઓ કે વાર્ષિક ભાવવધારા જુઓ - બધું ઐતિહાસીક !! વહીવટ જ કહી દે છે કે ... દૂધસાગરમાં ઉત્તમ કામ થઈ રહ્યું છે.

**દૂધસાગર પત્રિકા : સરકાર અને સહકારનો સમન્વય એટલે કેન્દ્ર સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલ સ્વતંત્ર સહકાર મંત્રાલય, સાહેબ આ સહકાર મંત્રાલય દૂધસાગર ડેરી અને તેની સાથે જોડાયેલા છ લાખ પશુપાલકોને કેવી રીતે મદદરૂપ બની શકે ?**

કોઈપણ ક્ષેત્રને સરકારની મદદ મળે - અને એમાંય, ભારત સરકારની મદદ મળે પછી તેમાં જોવાનું શું હોય ? સહકારી ક્ષેત્રો માટે બજેટમાં વિશેષ જોગવાઈઓ થશે અને અલગ અલગ યોજનાઓ થકી લાખો કરોડો રૂપિયા સહકારી ક્ષેત્રોને મદદરૂપ થવા ઠલવાશે ત્યારે આપ જોઈ શકશો આખું સહકારી માળખું સૂર્યના તેજની જેમ ચમકી ઉઠશે અને દૂધસાગર ડેરી પણ એમાંથી બાકાત નહીં રહે, દૂધસાગરના કાર્યક્ષેત્રમાં આપણા મોદી સાહેબે જન્મ લીધો છે. ગૃહ અને સહકારીતા મંત્રી શ્રી. અમિતભાઈ શાહ

સાહેબની જન્મભૂમિ અને કર્મભૂમિ માણસા પણ દૂધસાગરના કાર્યક્ષેત્રમાં આવે છે. હવે તમે મને કહો, દૂધસાગરના વિકાસમાં કોઈ અવરોધ આવે તેવી શંકા કરવાનું કોઈ કારણ ખરૂ ? અમારા બધાના હૈયે દૂધસાગરનું હિત વસ્યું છે અને તેનું પરિણામ આપ વર્તમાન સમયે જોઈ રહ્યા છો અને ભવિષ્યમાં પણ ખૂબ સારૂ થતાં જોશો... આજે દૂધસાગર ડેરી દ્વારા તેની સાથે સંકળાયેલા છ લાખ પશુપાલકોને પ્રતિકીલો ફેટે સંઘમાં સને. ૨૦૨૦ માં જે દૂધનો આખરી ભાવ પ્રતિકીલો ફેટે રૂ.૬૮૮ હતો જે આજે ૨૦૨૪ માં આખરી ભાવ રૂ.૯૫૫ છે. દૂધ ઉત્પાદકોને ૩૮% નો વધારો આપી દૂધસાગરે પણ આ સમય દરમ્યાન પશુપાલનના વ્યવસાયને નવી ગતિ આપી છે. સરકારનો સાથ આજ સુધી દૂધસાગર ડેરીને મળ્યો છે અને આજ મજબૂતાઈથી કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દૂધસાગરની સાથે ઉભી રહેશે તેનો હું વિશ્વાસ આપું છું.

**સરકારનો સાથ આજ સુધી દૂધસાગર ડેરીને મળ્યો છે અને આજ મજબૂતાઈથી કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દૂધસાગરની સાથે ઉભી રહેશે તેનો હું વિશ્વાસ આપું છું.**

**દૂધસાગર પત્રિકા : જૂના મહેસાણા જિલ્લાના અર્થતંત્રને મજબૂત કરવામાં આપની નજરે દૂધસાગરનું ભૂતકાળમાં અને આજે કેટલું મહત્વ છે ?**

જૂનો મહેસાણા જિલ્લો આપણી વિરાસત છે. અને નવો મહેસાણા જિલ્લો આપણા વિકાસની વ્યાખ્યા છે. દૂધસાગર ડેરીની સ્થાપનાને ૬૪ વર્ષ પૂરા થયા છે. આ છ દશકાની યાત્રા દરમ્યાન ડેરીએ પ્રગતિના અનેક શિખરો સિદ્ધ કર્યા છે. આપણું મહેસાણા આજે દૂધસાગર ડેરીના કારણે મિલ્ક સીટી તરીકે વિશ્વ આખામાં જાણીતું છે. છ લાખ પશુપાલકો અને એમાંય, ૮૦% મહિલાઓ જેની સાથે સંકળાયેલી હોય એ સંસ્થાનું મહત્વ કેટલું મોટું હોઈ શકે તે શબ્દોમાં ના કહી શકાય. જિલ્લાના અર્થતંત્રમાં દૂધસાગરનું પ્રદાન ખૂબ મહત્વનું રહ્યું છે. મારી સમક્ષ રહેલા આંકડાઓ સિદ્ધ કરે છે કે દૂધસાગરનો લાભ છેવાડાના માણસને ખૂબ સારી મળી રહ્યો છે. સને ૨૦૨૦ માં દૂધસાગરની ડેરીની દૂધની આવક રોજની ૨૫ લાખ લીટર હતી અને ગત વર્ષ ૨૦૨૪ માં દૂધની આવક પ્રતિદીન ૩૩ લાખ લીટર નોંધાઈ. આ વાત સાબિત કરે છે કે દૂધ વધ્યું છે એનો અર્થ થયો પશુપાલનનો વ્યવસાય વધ્યો છે. અને વ્યવસાય વધ્યાનો અર્થ એ થયો કે જિલ્લાનું અર્થતંત્ર આ ક્ષેત્રમાં મજબૂત બન્યું છે. દૂધસાગરનું આ મહત્વ છે.

**દૂધસાગર પત્રિકા : વિજ્ઞાન અને ટેક્નોલોજી સાથે સુસજ્જ દૂધસાગર !! આ ધ્યેયને સિધ્ધ કરવા આજે દૂધસાગરના આંગણે નવિન પાવડર પ્લાન્ટ અને U.H.T પ્લાન્ટના નવનિર્માણ થઈ ચૂક્યા છે ત્યારે આપની શું પ્રતિક્રિયા છે ?**

કોઈપણ સંસ્થા, કંપની કે આપણો દૂધસંઘ સમય સાથે ના બદલાય તો તેનો વિકાસ સ્વાભાવિક રીતે રૂંધાઈ જતો હોય છે. હરિફાઈમાં ના ઉભા રહી શકીએ તો બીજા આગળ વધી જાય છે એ અર્થશાસ્ત્રનો સાદો નિયમ છે. દૂધસાગર ડેરીમાં લગભગ ૫૦ વર્ષ જુના અને નાની ક્ષમતા ધરાવતા પાવડર પ્લાન્ટ હતા. જે જુની ટેક્નોલોજી ધરાવતા મેન્યુઅલ ફંક્શન થી ચાલતા હતા. એના કારણે ઉત્પાદન ખર્ચ ખૂબ વધારે આવતો હોવાથી અન્ય ડેરીઓની સમકક્ષમાં ઉભા રહેવા માટે દૂધસાગરનો બદલાવ જરૂરી હતો. અશોકભાઈ ચૌધરી અને તેમના નિયામક મંડળનો આ નિર્ણય ખૂબ આવકાર દાયક છે. આ પાવડર પ્લાન્ટ અને U.H.T પ્લાન્ટ લેટેસ્ટ ટેક્નોલોજી અને રોબોટિક સાયન્સ સાથે જોડાયેલા છે. અને તેનું નિર્માણ કાર્ય પૂર્ણતાના આરે છે ત્યારે તમે જોજો આ નવા એકમ ધમધમતા થશે ત્યારે પ્રોડક્શન કોસ્ટ નીચી આવશે. વેસ્ટેજ અટકશે અને પ્રોડક્ટની ગુણવત્તા બહેતરીન બનશે અને દૂધસાગર પશુપાલકોને હાલ આપે છે તેના કરતાં પણ વધુ આર્થિક લાભ આપશે.

**દૂધસાગર પત્રિકા : સામાજિક જવાબદારીના ભાગરૂપે ડેરી દ્વારા સ્વિકારવામાં આવેલી મોતીભાઈ આર. ચૌધરી સાગર સૈનિક સ્કૂલ અંગે આપના વિચારો જણાવો ?**

ભારતની નવી પેઢીમાં રાષ્ટ્રીય ભાવના પ્રબળ થાય. આવનારી પેઢીના બાળકોમાં નિતીમત્તા અને પ્રામાણિકતાના ધોરણો મજબૂત બને એ માટે વડાપ્રધાન શ્રી. નરેન્દ્રભાઈ મોદીએ વિકસીત ભારત - ૨૦૪૭ નું સ્વપ્ન જોયું છે. આ સ્વપ્ને સાકાર કરવા માટે તેમણે દેશ આખામાં ૧૦૦ સૈનિક સ્કૂલો ઉભી કરવાનું જે બીડું ઝડપ્યું છે તે પૈકી એક જવાબદારી દૂધસાગર ડેરીને સોંપવામાં આવી અને ડેરીના તંત્રએ સુપેરે આ જવાબદારી સ્વીકારી અને ખૂબ સારી રીતે સાગર સૈનિક સ્કૂલનું સંચાલન થઈ રહ્યું છે ત્યારે મહેસાણા જિલ્લાને મળેલી આ ભેટ માટે હું તમામ જિલ્લા વાસીઓને અને દૂધસાગર ડેરીને ધન્યવાદ આપું છું.

**દૂધસાગરના કાર્યક્ષેત્રમાં આપણા મોદી સાહેબે જન્મ લીધો છે. ગૃહ અને સહકારીતા મંત્રીશ્રી. અમિતભાઈ શાહ સાહેબની જન્મભૂમિ પણ દૂધસાગરના કાર્યક્ષેત્રમાં આવે છે. હવે તમે મને કહો, દૂધસાગરના વિકાસમાં કોઈ અવરોધ આવે તેવી શંકા કરવાનું કોઈ કારણ ખરુ ?**

**દૂધસાગર પત્રિકા : અમેરિકાની એક સંસ્થા દ્વારા દૂધસાગરના ચેરમેનશ્રી. અશોકભાઈ ચૌધરીને OCDC એવોર્ડ પ્રાપ્ત થયો છે ત્યારે આ અંગે આપની પ્રતિક્રિયા કેવી છે?**

મેં પહેલાં પણ કહ્યું તેમ, મહેસાણાની દૂધસાગર ડેરી આજે ગુજરાત જ નહીં સમગ્ર વિશ્વમાં ડેરી ઉદ્યોગક્ષેત્રે વિકાસની પર્યાય બની છે. અને એટલે જ, અમેરિકા જેવા ડેવલપ રાષ્ટ્રએ પણ ડેરીના સંચાલનની અને કામગીરીની નોંધ લઈને ડેરીના ચેરમેનશ્રી. અશોકભાઈને આ એવોર્ડ થકી આવકાર્યા છે. જે મહેસાણા માટે અને સમગ્ર ગુજરાત માટે ગૌરવવંતી વાત છે. આ માટે હું અશોકભાઈ ચૌધરીને ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવું છું અને આવનાર સમયમાં દૂધસાગર ડેરી તેમના માર્ગદર્શન હેઠળ અનેક સિદ્ધિઓ હાંસલ કરી ઉત્તરોઉત્તર વિકાસના માર્ગે ડેરી આગળ વધે અને આપણે બધા સાથે મળીને સુખી થઈએ તેવી શુભકામનાઓ આપું છું.

## શ્રી બળવંતસિંહ રાજપૂત

કેબિનેટ મંત્રીશ્રી.
ઉદ્યોગ - શ્રમ અને રોજગાર,
નાગરિક ઉડ્ડયન, ગ્રામ વિકાસ અને
પંચાયત વિભાગ
ગુજરાત સરકાર



**ડેરી તો એની એજ હોય છે. માણસો પણ એના એજ હોય છે. દૂધસાગર જેવી સંસ્થાઓમાં વહિવટકર્તા કોણ છે ? તે ખૂબ મહત્વની બાબત હોય છે**

**આદરણીય અમિતભાઈ શાહને સહકાર મંત્રાલયની જવાબદારી મળી તે પછી તેમણે તેમના અનુભવોનો ભરપૂર ઉપયોગ કરી અદભૂત કામ કર્યા છે**

**પારદર્શક વહિવટ આપવાના નેક ઈરાદા સાથે અશોકભાઈ ચૂંટણી લડ્યા અને લોકોએ પણ તેમનામાં સંપૂર્ણ વિશ્વાસ મુકીને આ સત્તા આપી હતી**

દૂધસાગર પત્રિકાએ સાગરમંથનનો આ વાર્તાલાપ આગળ વધારતાં બીજી મુલાકાત લીધી સિદ્ધપુરના વિધાનસભા સદસ્ય અને ગુજરાત સરકારના કેબિનેટ મીનીસ્ટર શ્રી. બળવંતસિંહ રાજપૂતની ! દૂધસાગર અને સહકારની આસપાસ રહેલા અમારા સવાલોને એક સાથે સમેટી મંત્રીશ્રીએ કરેલ વાતચીત તેમના જ શબ્દોમાં :

આ દેશ જ્યારે આઝાદ નહોતો થયો ત્યારથી સહકારી ક્ષેત્રનું ખૂબ યોગદાન રહ્યું છે. ભૂતકાળમાં સો વર્ષ જુનો ઈતિહાસ છે. આપણે જબરજસ્ત પ્રગતિ કરી સામૂહિક રીતે દરેક સમાજના ભાઈઓ ગામડાઓને તથા છેવાડાના માનવીને આમાં જોડવાની કોશીષ કરી. સમયાંતરે આ ગતિ ધીમી પડી અને પોલિટીકલ કારણો વશાત જે પ્રગતિ થવી જોઈએ તે ના થઈ. આદરણીય પ્રધાનમંત્રી શ્રી. નરેન્દ્રભાઈ મોદી સાહેબે પ્રત્યક્ષ રીતે આનો અનુભવ કર્યો. અને, આદરણીય આપણા ગૃહમંત્રી અને આપણી પાર્ટીના ચાણક્ય એવા અમિતભાઈ સાહેબે ભૂતકાળમાં સહકારની અનેક જગ્યાએ કામ કર્યુ છે ત્યારે તેમને જોયું કે આ ક્ષેત્રને સંગઠીત કરી જો મજબૂત કરીએ તો ચોક્કસ પણે વધુ કામ થઈ શકે. તો ખરેખર, આપણે મોદી સાહેબનો આભાર માનીએ એટલો ઓછો છે તેની સાથે એક એવા વ્યક્તિને જવાબદારી આપી જે વ્યક્તિ ખરેખર સહકાર સાથે જોડાયેલી હતી અને પ્રત્યક્ષ રીતે તેના અનુભવી હતા. આદરણીય અમિતભાઈ શાહને જવાબદારી આપ્યા પછી તેમણે અદ્‌ભૂત કામગીરી કરી છે. હું ગણાવા બેસું તો કલ્પના ના આવે એવા ઉત્તમ કામ તેમણે કર્યા છે. સહકાર ક્ષેત્રે કેવી રીતે પ્રગતિ થાય ? પારદર્શકતા કેવી રીતે આવે ? ડિજીટલ દુનિયામાં સહકારી ક્ષેત્રને કેવી રીતે લઈ જઈ શકાય ? તેવા અનેક ઉકેલો લાવી સહકારને શ્રેષ્ઠ દિશા તરફ લઈ જવાનું કામ આદરણીય અમિતભાઈ કરી રહ્યા છે. હું એ વાતનો સાક્ષી છું કે ભૂતકાળમાં મહેસાણા ડેરી આપણા બધા માટે ગૌરવરૂપ ડેરી હતી. સ્વ. માનસિંહદાદાએ આ ડેરીની સ્થાપના કરી હતી. મોતીભાઈ સાહેબ જોડે મને પણ કામ કરવાની તક મળી છે. વિઠ્ઠલભાઈ સાહેબ જોડે કામ કરવાની તક મળી છે. આવડી મોટી સંસ્થામાં સમયાંતરે ચડાવ ઉતાર આવતા હોય છે. પણ, દૂધસાગર જેવી સંસ્થાઓમાં વહિવટ કરનાર કોણ છે ? એ ખૂબ મહત્વની બાબત હોય છે. ઘણીવાર વહિવટકર્તા માણસો કાલ ઉઠીને એવા આવી જાય કે ડેરીને નુકશાન થતું હોય છે. આપણા મહેસાણા જિલ્લાની ડેરીમાં પણ આવું બધું થયું પણ, અશોકભાઈ આ ડેરીમાં આવ્યા. બહું સમય પહેલાં અમે બધાએ ભેગા થઈને નક્કી કર્યુ કે ; દૂધસાગર ડેરીને ફરીથી બેઠી કરવી છે.

ફરીથી, પશુપાલકોને દૂધના સારામાં સારા ભાવ મળે અને ભૂતકાળમાં જેવો પવિત્ર વહિવટ થતો હતો તેવો જ પારદર્શક વહિવટ ફરીથી આવે તે માટે આપણે બધા સાથે મળ્યા. આવી જ, પવિત્ર ભાવનાથી અશોકભાઈ ચૂંટણી લડ્યા લોકોએ પણ તેમનામાં સંપૂર્ણ વિશ્વાસ મૂકીને બહુમતીથી તેમને સત્તા આપી. સત્તા મળ્યા પછી તેઓએ ખરેખર ત્યાં જોયું છે કે ભૂતકાળની જે પરિસ્થિતી હતી તે ફરીથી રીપીટ ના થાય એ પ્રકારની વ્યવસ્થા કરીને આજે ડબલથી પણ વધારે રકમથી ડેરીનું ટર્ન ઓવર પહોંચાડ્યું છે. નફાની વહેંચણીમાં આજે દૂધસાગર ભૂતકાળના તમામ રેકોર્ડ તોડી ચૂકી છે. અશોકભાઈ ડેરીમાં આજે અનેક સમસ્યાઓના ઉકેલ અને પ્રશ્નોના હલ લઈને આવ્યા છે. અશોકભાઈ અને એમની ટીમે ડેરીમાં અદભૂત વ્યવસ્થા ઉભી કરી છે. માત્ર ડેરી નહીં પણ એની સાથે સાથે સૈનિક સ્કૂલની પણ જવાબદારી અપનાવી તેના ખાતમુહૂર્ત વખતે હું એનો સાક્ષી હતો-મહેમાન હતો. સૈનિક સ્કૂલની પણ એક સરસ વ્યવસ્થા કરી છે.

અત્યારનો જમાનો મલ્ટીસ્કિલનો છે. નાનામાં નાની વસ્તુનો તમે ઉપયોગ કરીને ઉત્પાદન ખર્ચ કેવી રીતે ઘટાડી શકો તો જ તમે દૂધના સારામાં સારા ભાવ આપી શકો. આજે તો દૂધ અને દૂધની બનાવટોમાં દૂનિયા અનેક રીતે આગળ વધી ગઈ છે. પાવડરથી આગળ વધી વધુ નફો આપતાં દૂધના નાનાં- નાનાં પ્રોડક્ટસ બને તે દિશામાં પણ અશોકભાઈ કામ કરી રહ્યા છે. ખરેખર આ વહિવટને હું દિલથી બિરદાવું છું - અભિનંદન આપું છું - અને એમ કહું છું કે હજીએ આપણે એકવીસમી સદીમાં જે થઈ રહ્યું છે તે અને પચ્ચીસ વર્ષ પછી શું થવાનું છે ? એ પ્રકારની વિચારધારા રાખી દૂધસાગરમાં વ્યવસ્થાઓ ઉભી કરવી જોઈએ. મેં પરદેશમાં અનેક ઠેકાણે જોયું છે કે ત્યાંની, દૂધની પડતરની રકમ આપણી સરખામણીએ ખૂબ ઓછી હોય છે. આપણે પણ આ દિશા તરફ આગળ વધવું પડશે. દૂધની પડતર કિંમત ઓછી થાય અને ગુણવત્તામાં વધારો થાય તે માટે મનોમંથન કરવું પડશે અને વિજ્ઞાનનો આશરો પણ લેવો પડશે. બીજદાન ખૂબ મહત્વનું હોય છે. આપણે તેના ઉપર ભાર મુકવો પડશે અને વૈજ્ઞાનિક સંશાધનોનો સ્વીકાર કરવો પડશે. મહેસાણામાં અને ખાસ કરીને આપણા ઉત્તર ગુજરાત ઝોનમાં પશુપાલન થકી ડેરી ઉપર નભનારો વર્ગ ખૂબ મોટો છે. અત્યારે ગામડા તૂટીને જ્યારે શહેર તરફ જતા હોય ત્યારે આપણી બધાની ફરજનો ભાગ બને છે કે દૂધની રોજગારી આપી ગામડાંને તૂટતા બચાવી શકાય અને ફરીથી બેઠાં પણ કરી શકાય અને રામરાજ્યની જે વાસ્તવિક કલ્પના છે તે સાકાર કરી શકાય. ટેક્નોલોજીનો ઉપયોગ કરાય, સરકારનો ઉપયોગ કરાય અને બધા આપણી બાજુના છે. આદરણીય નરેન્દ્રભાઈ મોદી સાહેબ આપણા ઉત્તર ગુજરાતના છે. આપણા જિલ્લાના છે. અમિતભાઈ શાહ સાહેબ આપણા જિલ્લાના છે. આનંદીબેન આપણા જિલ્લાના છે. હું - ઋષિકેશભાઈ પટેલ આપણા જિલ્લાના છીએ. બધા જ સાથે મળીને જ્યારે આવી તક મળી છે. કહેવત છે ને કે ; મોસાળમાં જ્યારે વિવાહ હોય અને માં પીરસારની હોય ત્યારે તો પછી તમે બહું સારી રીતે સંસ્થાનો વિકાસ કરી શકો તેવો ઉત્તમ સમય અત્યારે ચાલી રહ્યો છે જેનો આપણે સૌની સુખાકારી માટે ઉપયોગ કરવો જોઈએ. હું અશોકભાઈને હજીએ શુભકામનાઓ આપું છું અને કહું છું કે ; તમે હજીએ પણ જેની મદદની જરૂર પડે તે માગો અને પ્રધાનમંત્રીશ્રીના ખેડૂતની આવક ડબલ કરવાના યજ્ઞના ભાગીદાર બનો.

**અત્યારનો જમાનો મલ્ટીસ્કિલનો છે. નાનામાં નાની વસ્તુનો તમે ઉપયોગ કરીને ઉત્પાદન ખર્ચ કેવી રીતે ઘટાડી શકો તો જ તમે દૂધના સારામાં સારા ભાવ આપી શકો**

**ઉત્તર ગુજરાત ઝોનનો એક બહું મોટો વર્ગ પશુપાલન અને દૂધ ઉપર નભી રહ્યો છે. આજે ગામડાં તૂટી રહ્યા છે ત્યારે તેમને બચાવવા અને બેઠાં કરવામાં ડેરી બહું મોટી ઉત્તમ ભૂમિકા ભજવી રહી છે**

**હાલમાં આપણી પાસે ઉજળા સંજોગો છે. પ્રધાનમંત્રી સાહેબનું વતન આપણો મહેસાણા જિલ્લો, ગૃહમંત્રી અમિતભાઈ શાહ સાહેબ આપણા જૂના મહેસાણા જિલ્લાના, આનંદીબેન આપણા જિલ્લાના, ઋષિકેશભાઈ પટેલ આપણા જિલ્લાના, હું પણ આપણા જિલ્લાનો- અશોકભાઈને તો મોસાળમાં અવસર છે અને માં પીરસવા આવી છે.**

# શ્રી મયંક નાયક (રાજ્યસભા સાંસદ)



## મારી જ્યાં પણ જરુર હોય ત્યાં કેજો, હું તન-મન-ધનથી દૂધસાગરની સાથે ઉભો છું

આપણા મહેસાણાના વતની અને ગુજરાતમાંથી રાજ્યસભા સાંસદની ભૂમિકાને બેખુબીથી નિભાવી રહેલા ભારતીય જનતા પાર્ટીના પ્રખર નેતા શ્રી. મયંકભાઈ નાયક સાથે દૂધસાગર ડેરીને લઈ સરકાર અને સહકારના સમન્વયની પરિપક્વ વાતો થવા પામી.

પોતાના વિચારોને વ્યક્ત કરતાં શ્રી. મયંકભાઈએ સૌ પ્રથમ તો તેમણે એક જમાનામાં દૂધસાગર ડેરીના કર્મચારી તરીકે કામ કર્યુ છે તેને યાદ કરી આંતરરાષ્ટ્રીય સહકારીતા વર્ષ નિમિત્તે મહેસાણા ડેરી સાથે સંકળાયેલા લાખો પશુપાલકો, દૂધસાગરના ચેરમેનશ્રી, ડેરીના કર્મચારીઓ સૌને પોતાની શુભેચ્છાઓ પાઠવી હતી.

પોતાની વાત આગળ વધારતાં, મયંકભાઈએ જણાવ્યું કે ; દૂધસાગર ડેરી એ માત્ર મહેસાણાની ઓળખ નથી એ દેશ અને વિશ્વ આખામાં પરિચીત નામ છે. દૂધનું સંપાદન કરવું- સંપાદિત થયેલ દૂધનું વર્ગીકરણ કરવું અને ત્યારબાદ તેની વિવિધ શુદ્ધ પ્રોડક્ટ્સ અમૂલને આપવી આ બધો વહિવટ ઘણો અઘરો છે. હજારો ગામડાઓના લાખો-લાખો પશુપાલકો અને ખાસ કરીને મહિલાઓ આ સંસ્થા સાથે જોડાયેલી છે ત્યારે આટલા મોટા વહિવટમાં સહેજ પણ લાલચમાં આવ્યા વિના પારદર્શિતાથી કામ કરવું સહેલું નથી હોતું એના માટે અંદરથી ઉદ્ભવતી પવિત્રતા જોઈએ જે આજના ચેરમેન અશોકભાઈ પાસે છે. ત્યારે, આ એક સંસ્થા જ્યારે ત્રણ ત્રણ જિલ્લાઓના લાખો લોકોને અસર કરતી હોય અને તેનું એક એક કદમ આવકમાં વધારો કરાવી શકતું હોય, રોજગારી ઉભી કરી શકતું હોય અને અનેક સામાજિક પ્રદાનો થતા હોય ત્યારે દરેક નિર્ણય છેવાડાના માણસને કેન્દ્રમાં રાખીને કરવો પડતો હોય છે અને અશોકભાઈ તે કરી રહ્યા છે.

વિશ્વમાં આપણે જોઈએ છીએ કે; આંતરરાષ્ટ્રીય કક્ષાએ અનેક પ્રકારના દિવસો અને વર્ષોને ઉજવાતા હોય છે. ત્યારે ભારતમાં પ્રધાનમંત્રી તરીકે શ્રી. નરેન્દ્રભાઈ મોદી સાહેબના આવાગમન બાદ આપણા યોગને પણ વિશ્વએ સ્વીકાર્યો અને યોગદિવસને મનાવવાની શરૂઆત થઈ.

> આટલા મોટા વહિવટમાં સહેજ પણ લાલચમાં આવ્યા વિના અશોકભાઈ જે નિર્ણયો લઈ રહ્યા છે એના માટે અંદરની પવિત્રતા જોઈએ જે અશોકભાઈમાં છે

આપણા યશસ્વી વડાપ્રધાન મોદી સાહેબ જાહેર મંચ ઉપરથી કહે છે કે ; ભારત માટે સહકારીતા એક જીવનશૈલી છે. સહકારથી કામ કરવું અને સહકારને શોભા આપે તેવા વિશાળ કામ કરવા એ ભારતની ધરોહર છે. આઝાદી પહેલાંથી જ આપણા લોકો સહકારમાં માનતા આવ્યા છે. આપને એક જુનું સૂત્ર યાદ હશે "વિના સહકાર નહી ઉદ્ધાર" બસ આજ સહકારનો સદ્ઉપયોગ કરવા મોદી સાહેબે આઝાદીના લગભગ સાત દાયકા પછી કેન્દ્રમાં એક સ્વતંત્ર સહકાર મંત્રાલયની સ્થાપના કરી છે. અને હવે, આ યુગ પુરુષ વિના સહકાર નહી ઉદ્ધારને - સહકારથી સમૃદ્ધિના વિજયપંથે દેશને આગળ વધારી રહ્યો છે. સહકાર મંત્રાલયની જવાબદારી પણ તેઓએ આપણા ચાણક્ય અને સહકારી ક્ષેત્રની રજે રજને જાણતા, સમજતા અને સહકારીતાના કાયદાઓની જેઓ રજે રજ જાણે છે તથા ભૂતકાળમાં જેઓએ પોતાની કુશાગ્ર બુદ્ધિથી અનેક બેસી ગયેલી બેન્કોને ઉભી કરી છે તેવા શ્રી. અમિતભાઈ શાહ સાહેબને સોંપી સહકારીતાના આ બાગને પ્રફુલ્લીત અને લીલોછમ કરવાના સંકલ્પને સિદ્ધ કર્યો છે.

અશોકભાઈના નેતૃત્વમાં આજે ડેરી ચારે તરફથી સમૃદ્ધિને વરી રહી છે. દૂધસાગરમાં આજે વિજ્ઞાન અને ટેકનોલોજીનો ભરપુર લાભ લેવાઈ રહ્યો છે અને જે U.H.T અને પાવડર પ્લાન્ટ નિર્મિત થયા છે તેનાથી આગામી સમયમાં આપણા પશુપાલકોને બે પૈસા વધુ મળશે તથા નવા રોજગારીના પણ સર્જન થઈ શકશે. દૂધના પાવડરના મૂલ્ય વર્ધક નાના નાના પેકિંગ અને દૂધની એવી અનેક નવી બનાવટો દૂધસાગરમાં બને તે માટે અશોકભાઈ સતત તત્પર હોય છે જે મે નજરે જોયા છે. દિલ્હીમાં અશોકભાઈની સાથે મે એક આઈસ્ક્રીમ શોપની મૂલાકાત લીધી હતી જે દૂધસાગર ડેરી દ્વારા ચલાવાઈ રહી છે અને ત્યાં એકજ જગ્યાએ દુનિયાભરના જુદા-જુદા દેશોના આઈસ્ક્રીમ મળી રહ્યા છે. આમ, આજની દૂધસાગર અશોકભાઈના નેતૃત્વમાં છેવાડાના પશુપાલકથી લઈ ગ્રાહક સુધી પહોંચવાનો પ્રયત્ન કરે છે તેને હું બિરદાવું છું.

એક મહેસાણાના નાગરિક તરીકે અને દૂધસાગર ડેરીના પૂર્વ કર્મચારી તરીકે હું આ ડેરીને સારી રીત ઓળખું છું. ડેરીના માધ્યમથી આ વિસ્તારના નાનામાં નાના માણસો નભી રહ્યા છે. ત્યારે અશોકભાઈની જવાબદારી ખૂબ વધી જાય છે. પણ, અશોકભાઈ મારા મિત્ર છે. હું વર્ષોથી તેમને ઓળખું છું. મારા મિત્ર છે એટલે વખાણ નથી કરતો પણ હું જાણું છું કે તેઓ ખૂબ પ્રામાણિક છે. તેમના વહીવટમાં કંઈ આઘાપાસી થાય જ નહીં તેઓ નેટ અને ક્લિન વહીવટમાં માનનાર વ્યક્તિ છે તથા સ્પષ્ટ વક્તા છે. સાચા કામમાં સાચું કહી દેવાનો તેમનો સ્વભાવ છે અને તેમને પોતાને સામાજિક-આર્થિક અને રાજકીય નુકશાન થતું હોય તો પણ તેઓ સંસ્થાને નુકશાન થાય તેવું કોઈ કામ કરવાના નથી એનો મને સંપૂર્ણ ભરોસો છે. દૂધસાગર ડેરીના પાવડર પ્લાન્ટ અંગેની તમામ જંગી ખરીદીઓમાં આ માણસના નેતૃત્વ હેઠળ સમગ્ર નિયામક મંડળે જે પારદર્શીતા અપનાવી છે અને કરકસરના આધારે કરોડો રૂપિયાની બચત કરી છે તે સૌની સામે છે. દૂધની ખરીદીની બાબતમાં ગુજરાતની તમામ ડેરીઓની સાથે આપણી ડેરીને તેઓ લાવી શક્યા છે. આજે દૂધસાગર ડેરી વાર્ષિક નફાની વહેંચણીની બાબતમાં છ દાયકાના રેકોર્ડ તોડી રહી છે એ સમગ્ર ટીમ માટે અભિનંદનીય છે. સામાજિક ઉત્તર દાયિત્વ નિભાવતાં દૂધસાગર ડેરીએ દેશ અને રાજ્યના ભવિષ્ય ઘડતર માટે સાગર સૈનિક સ્કૂલની જવાબદારી નિભાવી તે પ્રસંસનીય છે. દેશના માનનીય પ્રધાનમંત્રી અને ગૃહમંત્રીજીના દિશા નિર્દેશ પ્રમાણે મહેસાણા જિલ્લામાં દૂધસાગર ડેરી દ્વારા પહેલાં તાત્કાલિક ધોરણે વૈકલ્પિક વ્યવસ્થા કરીને આ સ્કૂલ ચાલું કરી દીધી છે અને અત્યારે બોરીયાવી ખાતે સ્કૂલનું સુંદર ભવન પણ બની ગયું છે એ આપણા જિલ્લા માટે, આપણા રાજ્ય માટે અને દેશ માટે ગૌરવની વાત છે. એક સહકારી સંસ્થા કુપોષણ નાબુદી માટે પણ સમાજની સાથે ઉભી થાય ત્યારે તેની સુગંધ વધી જતી હોય છે. દૂધસાગર દ્વારા પશુપાલકોના બાળકો ડેરી ટેક્નોલોજીથી રોજગાર મેળવી શકે તે માટે ઘણા વર્ષોથી ડેરી દ્વારા MIDFT જેવી સંસ્થાઓ ચાલે છે જે કામધેનું યુનિવર્સિટી સાથે સંકળાયેલી છે એ પણ એક ઉત્તમ સામાજિક પ્રદાન છે. આજે દૂધસાગર ડેરીએ ભારતના છ રાજ્યોમાં પોતાના હાથ ફેલાવ્યા છે અને ભવિષ્યમાં પણ તે વધારે પ્રગતિ કરશે તેના વિશ્વાસ સાથે હું ફરી ફરીથી, દૂધસાગર ડેરીના વર્તમાન વહિવટને ધન્યવાદ આપું છું અને મારી જ્યાં જરૂર હોય ત્યાં કેજો હું તન-મન ધન થી દૂધસાગરની સાથે ઉભો છું.

**મોદી સાહેબ જાહેર મંચ ઉપરથી કહે છે કે ; ભારત માટે સહકારીતા એક જીવનશૈલી છે.**

**અશોકભાઈના વહિવટમાં કોઈ આઘાપાસી થાય જ નહીં તેઓ વ્યક્તિગત નુકશાન વેઠીને પણ સંસ્થાનું હિત જાળવશે**

**માનનીય અમિતભાઈ શાહ સાહેબ સહકારના ક્ષેત્રના મહારથી છે ભૂતકાળમાં તેમણે આ ક્ષેત્રમાં અકલ્પનીય કામ કરેલ છે.**

(છેલ્લા પેજ થી શરૂ : શ્રી હરીભાઈ પટેલ)

દ્વારા ત્રિભુવનભાઈ પટેલના નામે પહેલી સહકાર યુનિવર્સિટી ઉભી કરવાની જાહેરાત થી સાબિત થાય છે કે ખેડૂતો અને પશુપાલકોની આવક વધારવા મોદી સરકાર સક્રિય કામોને વાસ્તવિક સ્વરૂપ આપી રહી છે. હું ખેડૂત પુત્ર છું અને ખેડૂતો તથા પશુપાલકોને પડતી તકલીફો તથા તેમની જરૂરીયાતોને બહુ સારી રીતે સમજી શકું છું. આજે ખેતી અને પશુપાલન ના હોત તો ગામડાઓ તૂટી ચૂક્યા હોત. આ બે જન સામાન્ય વ્યવસાય ઉપર આપણો વિસ્તાર અને આખો દેશ ઉભો છે. હવે, સમય આવી ગયો છે કે ખેતી અને પશુપાલન બંને ક્ષેત્રોને વધુમાં વધુ વિજ્ઞાનની નજીક લઈ જવા પડશે. દૂધસાગર ડેરીમાં નિર્માણ થયેલ નવા પાવડર અને UHT મિલ્ક પ્લાન્ટ એનું જીવંત ઉદાહરણ છે. આ પાવડર પ્લાન્ટ કાર્યાન્વિત થતાં જ દૂધસાગર ડેરીને થનારા લાભ જોવા મળશે અને એની સારી અસર પશુપાલનના વ્યવસાય ઉપર જોવા મળશે. દૂધસાગર દ્વારા પશુઓલાદ સુધારણા માટે સેક્સ સીમેન ડોઝ અને એમ્બ્રિઓટ્રાન્સફર જેવી અત્યાધુનિક વૈજ્ઞાનિક પદ્ધતિઓ અપનાવવામાં આવી છે તે આવકારદાયક છે. મહેસાણા દૂધસંઘ એ આપણા સૌની સહિયારી સંસ્થા છે. અને આપણા દેશ માટે - તેના ભવિષ્ય નિર્માણ માટે તથા આપણા આવનારી પેઢીના બાળકોમાં શિસ્ત, સંયમ, દેશપ્રેમ અને અનુશાસનના ગુણો નાનપણથી આવે તે માટે પ્રધાનમંત્રીશ્રી દ્વારા સમગ્ર દેશમાં જે ૧૦૦ સૈનિક સ્કૂલો ઉભી થવા જઈ રહી છે તેમાંની એક સૈનિક સ્કૂલ દૂધસાગર ડેરી દ્વારા એડોપ્ટ કરવામાં આવી તે આપણા બધા માટે ખુશી અને ગૌરવનું કારણ બનશે.

સહકારનો મૂળ અર્થ બધા સાથે મળીને કામ કરીએ અને એક સાચી અને સારી દિશા તરફ સૌ સાથે સુખી થઈએ તે પ્રકારનો છે. ત્યારે મહેસાણા માટે - દૂધસાગર ડેરી માટે જેમ અશોકભાઈને “મારાપણું ” છે તેમ મને પણ મારા મહેસાણા માટે “મારાપણું” છે. આ વિસ્તારનો હું જન પ્રતિનીધી છું ત્યારે મારું જીવન હવે મારા પોતાના કરતાં વધારે આ વિસ્તારના વિકાસને સમર્પિત છે અને હું જન્મથી ખેડૂત પુત્ર છું ત્યારે દૂધસાગર ડેરી વધુમાં વધુ સમૃદ્ધ બને અને આ ડેરી થકી મારા વિસ્તારના તમામ પશુપાલકો ના જીવનસ્તર ઉંચા આવે તેવા કામ કરવા એતો સદ્‌ભાગ્યની વાત છે. દૂધસાગરનો વહિવટ કરતી અશોકભાઈની સમગ્ર ટીમને હું આપના માધ્યમથી મારી શુભકામનાઓ પાઠવું છું.

**આજે અશોકભાઈના માર્ગદર્શન હેઠળ દૂધસાગરમાં પશુપાલકો માટે એક મહાયજ્ઞ ચાલી રહ્યો છે જેમાં તેમની સમગ્ર ટીમ આહુતિ આપી રહી છે**

# શ્રી હરીભાઈ પટેલ

**સાંસદ**

**મહેસાણા લોકસભા**

કારખાનામાં કાળી મજૂરી કરી પાંચ દશ હજારના પગારમાં વેઠ કરવી એના કરતાં ખેતરના ખુલ્લા - તંદુરસ્ત વાતાવરણમાં પર્યાવરણની સાથે રહી પશુપાલનનો વ્યવસાય કરી સન્માનનો રોટલો વધારે સારો ગણાય

દર દશ દિવસે ડેરી દ્વારા નિયમીતપણે દૂધના પૈસા પગાર સ્વરુપે ચૂકવાઈ જાય છે જેનાથી પશુપાલકને બાળકોની ફી ભરવાની હોય કે દવા માટે નાણાંની જરુરીયાત હોય તેને વિશ્વાસ હોય છે ડેરી વિલંબ નહીં કરે આ છે દૂધસાગર ડેરીની અને સહકારની સામૂહિક શક્તિ. આ કક્ષાએ વિશ્વાસનું વાતાવરણ ઉભું થવું એજ સાચી સફળતા છે



મહેસાણા જિલ્લો અને ગુજરાત રાજ્ય વર્ષોથી સહકારની ભાવનાનું સાક્ષી રહ્યું છે. આપણે શ્વેતક્રાંતિ થકી આજે આખા વિશ્વમાં છવાઈ ગયેલા છીએ. ત્યારે ગુજરાતના અત્યંત સફળ મોડેલ સહકારીતાનો લાભ સમગ્ર દેશને મળે તે માટે પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના વિઝનને સાકાર કરવા આપણા ગૃહ અને સહકારીતા મંત્રી અમિતભાઈ શાહના માર્ગદર્શન હેઠળ સહકારીતાના તમામ આયામોને એક સૂત્રતા આપવાનું ભગીરથ કાર્ય હાલમાં ચાલી રહ્યું છે. મોદી સાહેબને એક વિચાર આવ્યો ત્યારે આપણી બાજુનું બહુચરાજી ઓટો હબ બન્યું છે. અનિલભાઈ પટેલ અને ગણપતદાદાને વિચાર આવ્યો ત્યારે આપણા વિસ્તારમાં આજે ગણપત યુનિવર્સિટી શિક્ષણક્ષેત્રે સમગ્ર દેશમાં મહત્વનું પ્રદાન આપી રહી છે. એવી રીતે ઉંઝા ગંજ બજાર, વિસનગરની સાંકળચંદ યુનિવર્સિટી ઉભી થવા પામી છે આવી જ રીતે માનસિંહભાઈને વિચાર આવ્યો એટલે આપણા આટલા મોટા વિસ્તારને દૂધસાગર ડેરીની ભેટ મળી છે. આજે અઢી જિલ્લાના હજારો ગામડાઓના - લાખો ખેડૂતો આ એક માત્ર ડેરીથી સુખી સંપન્ન બન્યા છે. તમે વિચાર તો કરો, દર દશ દિવસે નિયમીતપણે ડેરી દ્વારા દૂધની રકમ ચૂકવાઈ જાય અને પશુપાલક જાણતો હોય છે કે આ પૈસા લેવા મારે ક્યાંય જવું નહીં પડે. સ્કૂલ ફી ના પૈસા ભરવાના હોય કે દવા માટે જરૂરીયાત હોય. પશુપાલન કરતાં પરિવારની પડખે દૂધસાગર સતત ઉભી હોય તેવી સુરક્ષાનો ભાવ ખેડૂતો અનુભવે છે. હું તો કહેતો આવ્યો છું કે ; કારખાનામાં કાળી મજૂરી કરી પાંચ દશ હજારના પગારમાં વેઠ કરવી એના કરતાં ખેતરના ખુલ્લા - તંદુરસ્ત વાતાવરણમાં પર્યાવરણની સાથે રહી પશુપાલનનો વ્યવસાય કરી સન્માનનો રોટલો રળવો જોઈએ. દશ દિવસે તમારી રોજગારી મળી જાય તેવી વ્યવસ્થા બીજે ક્યાં મળે ? આજે અશોકભાઈના માર્ગદર્શન હેઠળ દૂધસાગરમાં પશુપાલકો માટે એક મહાયજ્ઞ ચાલી રહ્યો છે જેમાં તેમની સમગ્ર ટીમ આહુતિ આપી રહી છે. ગામડાઓને ટકાવી રાખવા હોય તો દૂધસાગર ડેરીને વધુમાં વધુ મજબૂત કરવી પડશે અને કેન્દ્ર સરકારના નવા સહકાર મંત્રાલયથી આવી સંસ્થાઓને જબરજસ્ત મદદ મળી રહેશે તેવો મને વિશ્વાસ છે. તાજેતરમાં ભારત સરકાર

(અનુસંધાન પેજ ૭ ઉપર)

મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. વતી ચેરમેનશ્રી તથા નિયામક મંડળ અને મેનેજીંગ ડિરેક્ટરની સલાહ સૂચન મુજબ તંત્રીઃ મહેશ ચૌધરીએ સંકલન, સંપાદન કરી સદર સામયિક પ્રસિધ્ધ કરેલ છે.
આસ્થા ડિજીટલ, મહેસાણા